

# ભીમનો કાયદો, બિરસાનુ તીર
# સાથે મળીને બદલીએ તાસીર



## અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર (માન્યતા અને વન અધિકાર) અધિનિયમ, ૨૦૦૬

સમગ્ર ભારત દેશના આદિવાસીઓ અને આદિવાસી હિતચિંતક વ્યક્તિઓ - સંસ્થાઓ દ્વારા આદિવાસીઓના જંગલની જમીન તથા જંગલના સંશાધનો ઉપરના અધિકારો માટેના સંઘર્ષ સ્વરૂપે ક્રાંતિકારી કાયદો ''અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર (માન્યતા અને વન અધિકાર) અધિનિયમ, ૨૦૦૬'' અમલમાં આવ્યો છે.

આદિવાસીઓ તથા અન્ય જંગલ ઉપર આધારિત વિચરતી જાતિઓને સદીઓથી થઈ રહેલા અત્યાચાર, અન્યાય, શોષણ અને નુકશાનને ભરપાઈ કરવા તથા તેઓના અધિકારોને કાયદેસરની માન્યતા આપવા માટે આ કાયદો મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહેશે. આ કાયદો આદિવાસીઓના અધિકારોને પુનઃ સ્થાપિત કરતો કાયદો છે, જેનો સૌથી વધારે લાભ આદિવાસી સમૂહને મળનારો છે. તેથી આ કાયદાના અમલ માટે પણ આદિવાસી સમૂહે મહત્ત્વની ભૂમિકા નિભાવવી પડશે, નહિ કે પોલીસતંત્ર, સરકારી તંત્ર કે ન્યાયતંત્ર એ એટલે કે આદિવાસીઓ જ્યાં સુધી આ કાયદાને સમજીને તેનો અમલ કરવાની આગેવાની નહી લે તો તે 'પોથીમાના રીંગણા' સાબિત થશે.

### હક્કદાર :

૧૩ ડિસેમ્બર, ૨૦૦૫ પહેલા જંગલમાં વસનારા કે જંગલ ઉપર આધારિત અનુસૂચિત જનજાતિના, (આદિવાસી) લોકો તથા તેના સમૂહો અને ૧૩ ડિસેમ્બર-૨૦૦૫ પહેલા ત્રણ પેઢીથી (૭૫ વર્ષથી) પરંપરાગત રીતે જંગલમાં વસનાર કે જંગલ ઉપર આધારિત લોકો તથા તેમના સમૂહો.

### મળવાપાત્ર અધિકારો :

૧. વ્યક્તિગત કે સામુહિક વ્યવસાય માટે વન જમીન ધારણ કરવાનો અને રહેવાનો અધિકાર અને જંગલમાં રહેનારાઓને જીવનનિર્વાહ ચલાવવા માટે જમીન જાતે ખેડવાનો અધિકાર. (વધુમાં વધુ ૪ હેકટર)

૨. સામુહિક અધિકાર જેવા કે રાજાશાહી વ્યવસ્થા પહેલાનો ઉપયોગ, જમીનદારી અથવા બીજા વચગાળાની રાજવ્યવસ્થા દરમ્યાન ગમે તે નામથી ઓળખવામાં આવતો હોય.

૩. ગામની હદમાં કે હદ બહારના જંગલોમાં ગૌણવન પેદાશની માલિકીનો, ભેગી કરી વાપરવાનો, ઉપયોગ કરવાનો અને નિકાલ કરવાનો અધિકાર.

૪. સામુહિક ઉપયોગના સંસાધનો જેવા કે માછલી, પાણી, ઘાસચારા વિગેરેના ઉપરના અધિકારો

૫. અવિકસિત જાતીના સમૂહો અને ખેતીવાડી સમૂહો માટે વસવાટ કરવા માટે ધારણ કરવાનો અધિકાર.

૬. રાજ્યમાં કોઈપણ વ્યવસ્થાતંત્રના અનુસંધાને જમીન કે જમીન સંદર્ભેના હક્ક દાવા અંગે તકરાર સંબંધી બાબતનો અધિકાર.

૭. જંગલના ગામો, જુની વસાહતો, મોજણી નહી થયેલ ગામો અને વનમાં આવેલ અન્ય ગામો પછી ભલે તેની દફતરમાં મહેસુલી સંદર્ભે નોંધણી કે જાહેરનામું થયેલ હોય કે ન હોય ત્યાં, વાર્તાલાપ કે ભાષણ અને નિવેડો લાવવાનો અધિકાર.

૮. પરંપરાગત રીતે જેનું સંરક્ષણ અને ટકાઉ (અક્ષય) ઉપયોગ માટે જાળવણી થતી હોય તેવા સામુહિક જીવન સંશાધનોના, રક્ષણ, પુનઃપ્રાપ્તિ અને જાળવણી તથા વ્યવસ્થા કરવાનો અધિકાર.

૯. ૧૩ ડીસેમ્બર, ૨૦૦૫ પહેલા વનમાં વસવાટ કરનાર અનુસુચિત જનજાતીઓ અથવા પરંપરાગત રીતે વનમાં રહેનાર ગેરકાયદેસર રીતે દૂર કરાયા હોય અથવા કોઇપણ વનજમીન પરથી વિસ્થાપિત કરવામાં આવ્યા હોય, તેમના કાયદેસરના અધિકારો મેળવવાનો અથવા પુનઃસ્થાપન ન કર્યું હોય તેમને, તેમની મુળ સ્થિતિમાં પુનઃ સ્થાપન તેમજ વૈકલ્પિક જમીન મેળવવાનો અધિકાર રહેશે.

**''સામૂહિક જંગલ/વન સંશાધન''** એટલે ગામની હદમાં આવેલ, પરંપરાગત અથવા વ્યવહારુ રીતે સામાન્ય વન્ય જમીન, અથવા ગ્રામ્ય જીવનના અનુસંધાને ઋતુગત રીતે સૃષ્ટિ સૌંદર્ય કે જેમાં અનામત વનો, સુરક્ષિત વનો અને સુરક્ષિત વિસ્તારો જેવા કે, અભ્યારણ અને રાષ્ટ્રિય ઉદ્યાનો કે જેનો સામુહિક રીતે પરંપરાગતથી ઉપયોગ થતો હોય.

**"ગૌણ વન્ય પેદાશ"**માં ઇમારતી લાકડા સિવાયની વન્ય પેદાશ કે જેમાં સાંવડા, લાકડું, ઠુંઠું, વાંસ, રેશમના કીડા, રેશમના કીડાના ઇંડા, મધ, મીણ, લાખ, ટેન્ડુ અથવા કેન્ડુંના પાંડદાઓ, વૈદકિય છોડવાઓ અને ઔષધીઓ, મૂળ, કંદમૂળો અને તેના જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે.

**"જંગલ જમીન"** એટલે એવી જમીન કે જેને વન વિસ્તાર તરીકે જાહેર કરેલ હોય, તેમાં આવતી જમીન અને તેમાં બીન વર્ગીકૃત વનો, સિમાંકન ન થયેલ હોય તેવા વનો, અસ્તિત્વમાં અથવા માની લીધેલા વનો, સુરક્ષિત વનો, અનામત વનો, અભ્યારણો અને રાષ્ટ્રીય ઉદ્યાનો.

**અધિકારોની નોંધણી :** વ્યક્તિગત - પતિ-પત્નીના સંયુક્ત નામે અને સામુહિક - ગ્રામસભા અથવા સામુહિક નામે

**અધિકારોને માન્યતા :**

૧. પૂરાવા સાથેના વ્યક્તિગત અથવા સામુહિક હક્કદાવા ગ્રામસભાને રજૂ કરવા.

૨. ગ્રામસભા આવા હક્કદાવા એકત્રીત કરી, તેની ચકાસણી કરશે, તેવા વિસ્તારના નકશા તૈયાર કરશે, રિપોર્ટ બનાવી ગ્રામસભામાં ઠરાવ પસાર કરશે અને તેને સબડિવિઝનલ લેવલ કમીટીને મોકલશે.

૩. સબ ડિવિઝનલ લેવલની કમિટિ ગ્રામસભાનો ઠરાવ તપાસી, તેની નોંધ તૈયાર કરી જિલ્લા સ્તરની સમિતિને મોકલશે.

૪. જિલ્લા સ્તરની સમિતિ આ રિપોર્ટના આધારે દાવા સંબંધી આખરી નિર્ણય કરશે.

**ફરિયાદ :**

૧. ગ્રામસભા સામે ઠરાવ કર્યાના ૬૦ દિવસની અંદર સબ ડિવિઝનલ કમિટિને

૨. સબ ડિવિઝનલ કમિટિ સામે ચુકાદાની ૬૦ દિવસની અંદર જિલ્લા સ્તરની સમિતિને

**પ્રતિબંધ :**

૧. પરંપરાગત રીતે શિકાર કરવા કે શિકાર ફસાવવા પર, કોઈપણ વન્ય પશુઓના શરીરમાંથી અંગ કાઢી લેવા પર પ્રતિબંધ

૨. વન્ય જીવો, વન તથા જૈવિક વૈવિધ્યના નુકસાનના નાશ પર પ્રતિબંધ

૩. આદિવાસીઓના સાંસ્કૃતિક તથા કુદરતી વારસાને નુકસાનકારક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ

૪. જંગલી પ્રાણીઓ અને જંગલને નુકસાન કરવા પર પ્રતિબંધ

**સંભવિત દાવાઓ :**

વ્યક્તિગત જંગલ જમીન, વ્યક્તિગત જંગલમાં રહેઠાણ, સામુહિક જંગલ જમીન, જંગલની અંદર આવેલ ગૌણવન પેદાશો, મંદિરો, દેવસ્થાનકો, ગૌચર, સ્મશાનગૃહો, આવવા-જવાના રસ્તા કે અન્ય કોઈપણ

**સંભવિત પુરાવા :**

દંડ પાવતી, કેસ નોંધણી, અગાઉની દાવા અરજી, પંચનામા, આજુબાજુના લોકોના મૌખિક-લેખિત પુરાવા, નકશાઓ, દસ્તાવેજી સાક્ષીઓ, કૂવા, તળાવ, પાળાબંધી, વૃક્ષો, રાજા તથા જમીનદારો દ્વારા આપવામાં આવેલ શિલાલેખ તથા અધિકારો પત્રો વગેરે.

**ખાસ જોગવાઈ :**

અન્ય રીતે જોગવાઇ કરવામાં ન આવે ત્યાં સુધી વનમાં રહેનાર અનુસુચિત જનજાતી અથવા બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનારને વનની જમીનના કબજામાંથી માન્યતા અને ખરાઇની પ્રક્રિયા પૂર્ણ ન કરવામાં આવે ત્યા સુધી દૂર કરવામાં અથવા ખાલી કરાવવામાં આવશે નહિં.

**આ કાયદાનો અમલની જવાબદારી કોની છે ?**
**આપણે આદિવાસીઓની કે સરકારની ?**

તમારો જવાબ આ સરનામે મોકલી આપો

**વિકલ્પ**
ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર,
અમદાવાદ-૩૮૦૦૫૧
e-mail: vikalpahd@gmail.com